અખાત્રીજના દિવસે દેશભરમાં ૧૫ ટન સોનાનું વેચાણ

નવી દિલ્હી, તા.૨૪

સોનાના ભાવ આસમાને હોવા છતાં અખાત્રીજ અથવા તો અક્ષય

તૃતિયાના પ્રસંગે આજે દેશભરમાં અંદાજે ૧૫ ટન સોનું વહેચાયા હોવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. જ્વેલર્સ માટે આજનો દિવસ ખૂબ જ વ્યસ્ત રહ્યો હતો. દિવસ દરમિયાન સોના અને ચાંદીમાં જોરદાર ખરીદી જોવા મળી હતી. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે સોનાના વેચાણમાં ૫ ટકાનો વધારો થયો છે. ધનતેરસ બાદ ભારતમાં સોના ખરીદવા માટેના સૌથી મોટા તહેવાર તરીકે અક્ષય તૃતિયાને ગણવામાં આવે છે. સોના અને ચાંદીના ઊંચા ભાવ છતાં આની પરવા કર્યા વગર ગુજરાત સહિત દેશના જુદા જુદા ભાગોમાં મોટાપાયે ખરીદી કરવામાં આવી હતી. ગુજરાતના સુરતને મોટા ખરીદીના કેન્દ્ર તરીકે ગણવામાં આવે છે. તાજેતરના સમયમાં સુરત મોટા ડાયમંડ જ્વેલરી માટેના હબ તરીકે ઊભરી આવ્યું છે. સોના અને ડાયમંડ જ્વેલરી માટે મોટી સંખ્યામાં લોકો સુરત પહોંચી છે. ગોલ્ડ ફ્યુચર અને સિલ્વર ફ્યુચરમાં પણ આજે ઉલ્લેખનીય વધારો થયો હતો. ગોલ્ડ ફ્યુચરમાં ૦.૨૨ ટકાનો વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૧૧માં સોનાની કિંમતમાં ૪૮.૨ ટકાનો ઉલ્લેખનીય વધારો થયો હતો. સોનાની કિંમત ૧૯૬૬૦ રૂપિયાથી વધીને ૨૯૧૪૦ની ઊંચી સપાટી ઉપર પહોંચી હતી. સોનાની ઊંચી માંગને ધ્યાનમાં લઈને ભારતે આ વર્ષમાં ૯૬૯ ટન સોનાની આયાત કરી છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સીલના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આ વર્ષે ડબલ્યુજીસી દ્વારા ૧૦૦૦ ટનની આયાત કરતા થોડોક ઓછો અંદાજ છે. વર્ષ ૨૦૧૧માં ભારતીય ઘરમાં સંપત્તિ તરીકે સોનાની ગણતરી વધારે કરવામાં આવતી હતી. સોનાને મોટાભાગના લોકો સુરક્ષિત બચત તરીકે પણ જુએ છે. આજ કારણસર સોનાની ખરીદી ઊંચી કિંમત હોવા છતાં વધુ પ્રમાણમાં કરવામાં આવે છે. આજે અખાત્રીજના દિવસે જ મોટાભાગની બેંકો અને જ્વેલર્સ કસ્ટમરોને આકર્ષિત કરવા ખાસ આકર્ષક ઓફરો કરી હતી. આનો લાભ લઈને કસ્ટમરોએ મોટાપાયે ખરીદી પણ કરી હતી જેના પરિણામ સ્વરૂપે આજે દેશમાં ૧૫ ટન સોનું વેચાયું હોવાનો દાવો કારોબાર સાથે સંકળાયેલા લોકો કરી રહ્યા છે. આ તહેવારની ઉજવણી કરવા અને વેચાણને વધારવા બેંકો અને જ્વેલર્સ દ્વારા ડિસ્કાઉન્ટ ઓફર કરાઈ હતી જેને લીધે કોઈપણ ખચકાટ અનુભવ કર્યા વગર કસ્ટમરોએ લભ લીધો હતો. એચડીએફસી બેંક દ્વારા સોનાના સિક્કાની ખરીદી માટે પણ આકર્ષક ઓફરો જાહેર કરી હતી. વેચાણના મામલે મોટાભાગની બેંકો સક્રિય રહી હતી. અક્ષય તૃતિયના એક દિવસ પહેલાં જ એચડીએફસી બેંકે ક્રેડિટ કાર્ડ ધારકો માટે વિશેષ ઓફર કરી હતી. આમા જણાવવામાં આવ્યું હતું કે એચડીએફસી બેંકના ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને સોનાના સિક્કાની ખરીદી કરનાર લોકોને ત્રણ મહિના વ્યાજનું ઈએમઆઈનો લાભ મળશે. આ ઉપરાંત સોનાની સિક્કાની ખરીદી ઉપર અન્ય આકર્ષક સ્કીમ પણ જાહેર કરાઈ હતી. આવી જ રીતે આઈસીઆઈસી બેંકે પણ ૯૯.૯૯ ટકા શુદ્ધતાના સોનાના સિક્કાની ખરીદી પર ૮ ટકા ડિસ્કાઉન્ટની ઓફર કરી હતી. ઈન્ડિયા પોસ્ટ અને રિલાયન્સ મનીની સાથેની ભાગીદારીમાં વર્લ્ડ ગોલ્ડ કઉન્સીલ દ્વારા સોનાના સિક્કા પર છ ટકા ડિસ્કાઉન્ટની ઓફર કરવામાં આવી છે. જ્વેલર્સ અને બેંકો ખૂબ જ આશાવાદી આજે દિવસ દરમિયાન રહ્યા હતા.

સિલ્વર ફ્યુચરની પણ માંગ
ગોલ્ડ ફ્યુચર કિંમતમાં ૦.૨૨ ટકાનો વધારો

અખાત્રીજના દિવસે આજે ગોલ્ડ ફ્યુચર અને સિલ્વર ફ્યુચરની કિંમતમાં પણ જોરદાર માંગ જોવા મળી હતી. ગોલ્ડ ફ્યુચરમાં ૦.૨૨ ટકાનો ઉલ્લેખનીય વધારો થતાં ભાવ પ્રતિ ૧૦ ગ્રામ ૨૯૨૪૨ રહ્યો હતો. સ્પોટ માર્કેટમાં જોરદાર તેજી જોવા મળી હતી. એમસીએક્સમાં ભાવમાં ઉલ્લેખનીય ઉછાળો જોવા મળ્યો હતો. જૂન કોન્ટ્રાક્ટમાં ૬૧ રૂપિયા સુધીનો વધારો નોંધાયો હતો. બજાર સાથે સંકળાયેલા નિષ્ણાંતોનું કહેવું છે કે ગોલ્ડ ફ્યુચરમાં વધારો સ્પોટ માર્કેટમાં તેજીના કારણે છે. અખાત્રીજના દિવસે લેવાલીની પ્રવૃત્તિ જોવા મળી રહી છે. બીજી બાજુ કારોબારમાં સોનાનો ભાવ સતત ઊંચી સપાટીએ પહોંચી ગયો છે. દરમિયાન ફ્યુચર કારોબારમાં ચાંદીની કિંમતમાં પ્રતિ કિલો ૦.૩૪ ટકાનો વધારો શરૂઆતી કારોબારમાં નોંધાયો હતો જેથી ભાવ ફ્યુચર કારોબારમાં વધીને પ્રતિ કિલો ૫૫૭૪૧ સુધી પહોંચ્યો હતો. મલ્ટી કોમોરિટી એક્સચેન્જમાં મે મહિનામાં ડિલિવરી માટે ચાંદીની કિંમતમાં ૧૮૮ રૂપિયાનો સુધારો થયો હતો.

ડિઝલ કિંમતને અંકુશમુક્ત કરવા માટે સરકાર સૈદ્ધાંતિક રીતે સંમત

નવી દિલ્હી, તા.૨૪

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય અને મધ્યમ વર્ગને આગામી દિવસોમાં પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં પણ વધારાનો સામનો કરવો પડશે. સરકારે આજે કહ્યું હતું કે તે ડિઝલની કિંમતોને અંકુશમુક્ત કરવા માટે સૈદ્ધાંતિક રીતે સહમત થઈ ગઈ છે. જો કે રાધણગેસ અને કેરોસીનની કિંમતને અંકુશમુક્ત કરવાની કોઈ યોજના નથી. સરકારની આ જાહેરાતની સાથે જ તર્ક વિતર્કોનો દોર શરૂ થઈ ગયો છે. જો કે કિંમત ક્યારેય અંકુશમુક્ત કરવામાં આવશે તે અંગે હજુ સુધી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. રાજ્યસભામાં એક લેખિત પ્રશ્નના જવાબમાં નાણાં રાજ્ય પ્રધાન નમો રાને મીણાએ કહ્યું હતું કે સરકાર ડિઝલની કિંમતને અંકુશમુક્ત કરવા સહમત થઈ ગઈ છે. તેમણે ઉમેર્યું હતું કે પેટ્રોલની કિંમત પહેલાથી જ બજાર લક્ષી છે. સરકાર એલપીજી, કેરોસીન અને ડિઝલની કિંમતો નક્કી કરે છે. જેના પરીણામ સ્વરૂપે સબસિડી ઉપર જંગી અંદાજપત્રીય ખર્ચ વધી રહ્યો છે. મીણાએ કહ્યું હતું કે હાલમાં રાંધણ ગેસની કિંમતોને સંપૂર્ણપણે અંકુશમુક્ત કરવાની કોઈપણ યોજના નથી. તેમણે ઉમેર્યું હતું કે સરકાર સામાન્ય લોકોને મુશ્કેલીમાંથી બચાવવા ડિઝલની કિંમતો નક્કી કરવાનું કામ જારી રાખશે પરંતુ ક્રુડ ઓઈલની કિંમતને અસરમાંથી સામાન્ય લોકોને બચાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. પ્રધાને ઉમેર્યું હતું કે અંતરરાષ્ટ્રીય તેલ કિંમતોમાં વધારાની અસરમાંથી સામાન્ય લોકોને બચાવવાના હેતુસર તથા ફુગાવામાંથી લોકોને બચાવવા ડિઝલની છુટક

વેચાણ કિંમતો નિયંત્રીત રાખશે. વૈશ્વિક તેલ કિંમતો વર્ષ ૨૦૧૨ની શરૂઆતથી ઝડપથી વધી રહી છે. મધ્ય-પૂર્વમાં અભૂતપુર્વ અંધાધુંધી અને વૈશ્વિક અનિશ્ચિતતાના પરિણામ સ્વરૂપે વૈશ્વિક ક્રુડ ઓઈલની કિંમતમાંઉલ્લેખનિય વધારો થયો છે. એપ્રિલના મધ્યમાં બ્રેન્ટ ક્રુડની કિંમત બેરલદિઠ ૧૨૦ ડોલર સુધી પહોંચી ગઈ છે. જે જાન્યુઆરી મહિનામાં ૧૧૧ ડોલર હતી. વર્તમાન નાણાંકીય વર્ષ માટે સરકારે ઓઈલ સબસિડી માટે ૪૫૫૮૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. જે પૈકી માર્કેટ કરતા ઓછા દરે પેટ્રોલિયમ પેદાશો વેચવા બદલ ઓઈલ માર્કેટિંગ કંપનીઓને વળતર તરીકે ૪૦૦૦૦ કરોડ રૂપિયાની રકમ રાખવામાં આવી છે. વર્ષ ૨૦૧૧-૧૨ના નાણાંકીય વર્ષ દરમ્યાન સરકારે અંડર રિકવરી હેઠળ ઓએમસીને ૬૫૦૦૦ કરોડ રૂપિયા ચુકવ્યા હતા. જે પૈકી ૨૦૦૦૦ કરોડ રૂપિયા જાન્યુઆરી-માર્ચમાં ત્રિમાસિક ગાળા માટે હતા. ઉંચી સબસિડીના પરીણામ સ્વરૂપે દેશની નાણાંકીય ખાદ્ય ઉપર માઠી અસર થઈ રહી છે. દેશની નાણાંકીય ખાદ્ય છેલ્લા નાણાંકીય વર્ષના જીડીપીના ૫.૯ ટકા સુધી પહોંચી ગઈ છે. વર્ષ ૨૦૧૨-૧૩માં નાણાંકીય ખાદ્ય ૫.૧ ટકા રહેવાની વાત કરવામાં આવી છે. ભારત તેની ક્રુડની જરૂરીયાત પુરતી ૮૦ ટકા ક્રુડ ઓઈલની આયાત કરે છે. સરકારે સબસિડી બિલને આ નાણાંકીય વર્ષમાં જીડીપીના બે ટકાથી પણ નીચી સપાટી લઈ જવાની યોજના બનાવી છે. આવનાર વર્ષોમાં આને ઘટાડીને ૧.૭૫ ટકા સુધી કરવાની પણ યોજના છે.

ડિઝલની કિંમત વધશે...

- ડિઝલની કિંમતોને અંકુશમુક્ત કરવા સૈદ્ધાંતિક સહમતી
- રાંધણ ગેસની કિંમતમાં હાલ કોઈ દરખાસ્ત નથી
- પેટ્રોલની કિંમત માર્કેટલક્ષી છે પરંતુ એલપીજી, કેરોસીન અને ડિઝલની કિંમત હજુ સુધી સરકાર નક્કી કરે છે
- સામાન્ય લોકોને ક્રુડ ઓઈલની કિંમતની અસરમાંથી બચાવવા નવી રણનીતી
- ડિઝલની કિંમત પરથી અંકુશ ક્યારે ઉઠાવાશે તે અંગે હજુ કોઈ જાહેરાત કરાઈ નથી
- રાજ્યસભામાં સરકારે ખુલાસો કર્યો
- ૨૦૧૨ની શરૂઆતથી વૈશ્વિક ક્રુડની કિંમતમાં વધારો થયો છે
- સરકારે ઓઈલ સબસિડી માટે ૪૩૫૮૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી હતી
- જંગી રકમ પૈકી ૪૦૦૦૦ કરોડ રૂપિયા માર્કેટ રેટ કરતા ઓછી કિંમતે પેટ્રોલિયમ પેદાશો વેચવા બદલ ઓઈલ માર્કેટીંગ કંપનીઓને વળતર તરીકે રાખવામાં આવ્યા છે
- સરકારે અંડર રિકવરી હેઠળ ઓએમસીને ૬૫૦૦૦ કરોડ રૂપિયા ચુકવ્યા
- દેશની નાણાંકિય ખાદ્ય જીડીપીના ૫.૯ ટકા થઈ છે
- ક્રુડ ઓઈલની જરૂરીયાત પૈકી ૮૦ ટકા જરૂરીયાત આયાતથી પુરી કરાય છે
- સબસિડી બીલ આ વર્ષે જીડીપીના બે ટકા કરવાની યોજના છે

ટેસ્ટ ક્રિકેટથી નિવૃતિ લેવાની કોઈ યોજના નથી : પોન્ટિંગ

રોસેઉ,તા. ૨૪

ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કેપ્ટન અને વિશ્વના ધરખમ બેટ્સમેન રીકી પોન્ટિંગે કહ્યું છે કે હાલમાં ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃતિ લેવાની તેની કોઈ યોજના

નથી. તે આ વર્ષે દક્ષિણ આફ્રિકાની સામે શાનદાર દેખાવ કરવા માટે ઉત્સુક છે. વેસ્ટ ઈન્ડીઝ સામેની હાલની શ્રેણીમાં રિકી પોન્ટિંગ અપેક્ષા મુજબ સારો દેખાવ કરી શક્યો નથી. વન-ડે ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂકેલા ૩૭ વર્ષીય પોન્ટિંગે વેસ્ટ ઈન્ડિઝની સામે રન બનાવવામાં તકલીફ પડ્યા બાદ આ સંબંધમાં પ્રતિક્રિયા આપતા જણાવ્યું છે કે તે ટેસ્ટ ક્રિકેટમાં હજુ લાંબી ઈનિંગ્સ રમવા માટે ઉત્સુક છે. વિન્ડીઝ સામે નિષ્ફળ રહેતા એવી અટકળો ચાલી રહી છે કે કેરેબિયન ટીમની સામે ત્રીજી અને અંતિમ ટેસ્ટ મેચ બાદ તે આંતરરાષ્ટ્રીય ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લેશે પરંતુ પોન્ટિંગે ત્રીજી ટેસ્ટ મેચ પહેલાં આ મુજબનો ખુલાસો કરીને અટકળોનો અંત આણી દીધો છે. વિન્ડીઝ સામે બે ટેસ્ટ મેચોની ચાર ઈનિંગ્સમાં પોન્ટિંગે ક્રમશ ૪, ૧૪, ૭ અને ૪૧ રન બનાવ્યા છે. પોન્ટિંગે ભારત સામેની ટેસ્ટ શ્રેણીનો ઉલ્લેખ કરતા જણાવ્યું છે કે તે હજુ પણ ઓસ્ટ્રેલિયન ટીમ માટે રમવા ઉત્સુક છે. પોન્ટિંગે ભારત સામેની ટેસ્ટ શ્રેણીમાં ચાર ટેસ્ટ મેચોની શ્રેણીમાં ૧૦૮.૮૦ રનની સરેરાશ સાથે ૫૪૪ રન બનાવ્યા હતા. વિન્ડસર પાર્કમાં વિન્ડીઝ સામે શરૂ થયેલી ત્રીજી ટેસ્ટ મેચના એક દિવસ પહેલાં પોન્ટિંગે પોતાની ઈચ્છા વ્યક્ત કરી હતી. પોન્ટિંગે કહ્યું છે કે ટેસ્ટ ક્રિકેટમાં રન માટેની તેની ભૂખ હજુ ઓછી થઈ નથી. ઓસ્ટ્રેલિયન ટીમ માટે વધુ યાદગાર ઈનિંગ્સ રમવા માટે તે આશાવાદી છે અને આવનાર દિવસોમાં આફ્રિકા સામે સારો દેખાવ કરશે.

કોંગ્રેસમાં ઘણા ટોચનાં પ્રધાનો રાજીનામુ આપવા માટે ઇચ્છુક

નવી દિલ્હી,તા. ૨૪

કોંગ્રેસ પાર્ટીમાં ધરખમ ફેરફાર કરવામાં આવે તેવા સંકેત છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ચાર વરિષ્ઠ કેબિનેટ પ્રધાનોએ પક્ષ પ્રમુખ સોનિયા ગાંધીને પત્ર લખી તેમના પ્રધાનપદથી રાજીનામુ આપી દેવાની ઈચ્છા વ્યક્ત કરી છે. સાથે સાથે પક્ષને વધુ મજબુત બનાવવા માટે કામ કરવાની પણ તેમની ઈચ્છા વ્યક્ત કરી છે. વરિષ્ઠ પ્રધાનોએ પત્રમાં કહ્યું છે કે તેઓ તેમના ખાતાઓ છોડીને પક્ષ માટે કામ કરવા માંગે છે. જે પ્રધાનોએ રાજીનામુ આપીને પક્ષ માટે કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે તેમાં ગ્રામીણ વિકાસ પ્રદાન જયરામ રમેશ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ પ્રધાન ગુલામનબી આઝાદ, કાયદો અને ન્યાય પ્રદાન તેમજ લઘુમતી બાબતોના પ્રદાન સલમાન ખુરશીદ અને વિદેશી બાબતોના પ્રદાન વ્યાલર રવિનો સમાવેશ થાય છે.

આ તમામ પ્રધાનોએ તેમના સંબંધિત ખાતાઓમાંથી રાજીનામુ આપીને પક્ષને મજબુત કરવા માટે કામ કરવાની તેમની ઈચ્છા વ્યક્ત કરી છે. બીજી બાજુ ભાજપના પ્રવકતા રવિ શંકર પ્રસાદે કહ્યું હતું કે આ કામગારીને છુપાવવાનો પ્રયાસ છે. વાસ્તવિક સમસ્યા સંચાલનની છે. યોગ્ય કુશળતા નહી હોવાના કારણે હવે આ નિતી અપનાવવામાં આવી રહી છે. વ્યાલર રવિ આંધ્રપ્રદેશની બાબતોનો હવાલો સંભાળે તેવી શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે પક્ષ માટે કામ કરવા લોકસભાની ચૂંટણી પહેલા વર્ષ ૨૦૦૮માં પ્રધાન તરીકે રમેશે રાજીનામુ આપ્યું હતું. રમેશે કોંગ્રેસ ચૂંટણી ઢંઢેરાની બાબતો સંભાળી હતી. આગામી લોકસભાની ચૂંટણી પહેલા પક્ષમાં નવા પ્રાણ ફુકવાની તૈયારી કોંગ્રેસ દ્વારા હાથ ધરવામાં આવી ચુકી છે. હાલમાં ઉત્તરપ્રદેશ સહિત કેટલાક રાજ્યોમાં યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસને મોટો ફટકો પડ્યો હતો. ત્યારબાદથી હારના કારણોમાં તપાસ કરવામાં આવી રહી છે. રાહુલ ગાંધી વ્યાપક ફેરફાર કરવા ઈચ્છે છે.

સચિને ૩૯માં જન્મ દિવસની ચંદીગઢ ખાતે કરેલી ઉજવણી

ચંદીગઢ,તા. ૨૪

માસ્ટરબ્લાસ્ટર સચિન તેન્ડુલકરે આજે ચૈન્નઈમાં તેના ૩૯માં જન્મ દિવસની સાદગીથી ઉજવણી કરી હતી. બીજી બાજુ દેશના કરોડો ચાહકોએ પણ સચિનના જન્મદિવસની જુદી જુદી રીતે ઉજવણી કરીને સચિનને શુભેચ્છા પાઠવી હતી. પટિયાલા હાઉસમાં આની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. સચિન તેન્ડુલકરે આ વર્ષે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦૦ સદીની સિદ્ધિઓ મેળવી લીધી છે. મળેલી માહિતી મુજબ પત્ની અંજલી સાથે ટીમની હોટલમાંથી

હોન્ડા એકોર્ડ કારમાં સચિન તેન્ડુલકર આવી પહોંચ્યો હતો. સચિન તેન્ડુલકરની એક ઝલક મેળવવા માટે ભારે પડાપડી જોવા મળી હતી. મોટી સંખ્યામાં મહેમાનો પણ આવી પહોચ્યા હતા. સચિન તેન્ડુલકરે ઉપસ્થિત લોકોનો આભાર માન્યો હતો. સચિન તેન્ડુલકર હાલ હોમ ટીમ પંજાબ સામે રમવાના હેતુસર ટીમ મુંબઈ સાથે ચંદીગઢ પહોંચ્યો છે. આજે સચિને ૩૯માં જન્મ દિવસની ઉજવણી કરી હતી. દિનેશ કાર્તિક, જેમ્સ ફ્રેકલિન, પજ્ઞાન ઓઝા, કિરોન પોલાર્ડ પણ ઉજવણીમાં સામેલ રહ્યા હતા. તમામ સાથી ખેલાડીઓ ટેબલની આસપાસ ગોઠવાઈ ગયા હતા. સચિન તેન્ડુલકરે બેટથી લઈને ટીશર્ટ, ઘડિયાળો અને ટીસ્યુ ઉપર ઓટોગ્રાફ આપ્યા હતા. બોલિવુડ અભિનેતા રાહુલદેવ અને ભૂતપૂર્વ ક્રિકેટર અતુલ વાસન પણ ઉપસ્થિત રહ્યા હતા. સુત્રોએ કહ્યું છે કે આ પાર્ટીમાં સચિન તેન્ડુલકર જેને ખૂબ જ પસંદ કરે છે તે વેનિલા કેક ઉપલબ્ધ કરાવવામાં આવ્યુ હતુ. જો કે ટીમ ઈન્ડિયાના માલિક નિતા અંબાણી ઉપસ્થિત રહ્યા ન હતા. સચિન તેન્ડુલકરને દેશમાં ક્રિકેટ ચાહકો ભગવાનની જેમ પસંદ કરે છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કેરિયર તેની સતત આગળ વધી રહી છે. સચિન હજુ પણ એક પછી એક સિદ્ધિ મેળવી રહ્યો છે.

અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા પર ત્રાસવાદી હુમલાનો ખતરો

ઓટાવા, તા.૨૪

આંતરરાષ્ટ્રીય આતંકવાદી સંગઠન અલકાયદાએ દુનિયાભરમાં સકંજો મજબૂત બનાવવામાં નવી વ્યૂહરચના ઘડી કાઢી છે. અલકાયદાએ હવે સમૂહના બદલે એકલા આતંકવાદી મારફતે હુમલાને અંજામ આપવાની તૈયારી કરી લીધી છે. કેનેડાની ગુપ્તચર સંસ્થાના વડા રિચર્ડ ફેડેને કહ્યું છે કે અલકાયદાની બદલાયેલી રણનીતિના કારણે આતંકવાદીઓની ઓળખ કરવી હવે મુશ્કેલ બની જશે. તેમને દાવો કર્યો છે કે અલકાયદાએ બદલાયેલી આંતરરાષ્ટ્રીય સ્થિતિને ધ્યાનમાં લઈને હુમલાઓને અંજામ આપવા માટે નવી નીતિ અપનાવી છે. આ નીતિના ભાગરૂપે એક બે આતંકવાદીઓનો ઉપયોગ કરીને જ હુમલા કરવામાં આવશે. ફેડેને કહ્યું છે કે અલકાયદા વધુ આતંકવાદીઓને હુમલા કરવા કહેશે નહીં. કારણ કે એકલા આતંકવાદીના ઈરાદા અંગે માહિતિ મેળવવી હંમેશા મુશ્કેલ હોય છે. જ્યારે કોઈ વ્યક્તિ કોઈની સાથે વાત કરતી નથી ત્યારે તે આતંકવાદી છે કે કેમ તે અંગે માહિતી મેળવવી મુશ્કેલ બની જાય છે. આવી સ્થિતિમાં સુરક્ષા સંસ્થાઓ પણ ઠાપ ખઈ જાય છે.

તેમને ઉમેર્યું છે કે અલકાયદાની આ ખતરનાક રણનીતિ જોખમી સાબિત થઈ શકે છે. કેનેડા ઉપરાંત અમેરિકા, ફ્રાંસ, જર્મની અને ઓસ્ટ્રેલિયાની ગુપ્તચર સંસ્થા ઊંડી તપાસમાં લાગી ગઈ છે. આ તમામ સંસ્થાઓની યોજના એકલા હાથે આતંકવાદી હુમલાને અંજામ આપવાની યોજના બનાવી રહેલા શખસોને શોધી કાઢવાની છે. ઈન્ટરનેટ ઉપર પણ ઝીણવટભરી નજર રાખવામાં આવી રહી છે. ફેડેનને એવી શંકા છે કે આવનાર સમયમાં આતંકવાદી હુમલા વધી શકે છે.

અમેરિકા, બ્રિટન અને ઓસ્ટ્રેલિયા પર હુમલાના ખતરા વધુ છે. સાવધાની રાખીને જ હુમલાઓના ખતરાને ટાળી શકાય છે. ઓસામા બિન લાદેનના ખાતમા બાદ અલકાયદાના લીડરો તેમની હાજરી પૂરવાર કરવા કોઈ હુમલાને અંજામ આપી શકે છે.

નવાં ક્લેવર (પાના નં. ૪ નું ચાલુ)

(પાના નં. ૪ નું ચાલુ)

એકલતા ઘણી વખત મને ઘેરી વળતી. કારણ કે હવે આ દુનિયામાં મારું કોઈ ઠામ કે ઠેકાણું રહ્યું ન હતું. હું ભણેલી ગણેલી હતી. મારું જીવન સારી રીતે જીવી શકતી હતી. પરંતુ તેના માટે એક આધારની જરૂર હતી. જેના પર મારો અધિકાર હોય. પણ હું તો કયારેય એક ભાઈ અને કયારેય બીજા ભાઈની શરણાગતિએ હતી. જયારે વધુ સહન ન થયું ત્યારે એક દિવસ મેં મોટાભાઈને કહી દીધું. 'ભાઈ મારે લગ્ન કરવાં છે. હવે હું મારું ઘર વસાવવા માંગુ છું.' ભાઈ તો સાંભળીને સ્તબ્ધ થઈ ગયા અને મને અપલક જોવા લાગ્યા. તેમના ચહેરા પર જાણે કે ક્ષોભના ભાવો તરવરી રહ્યા. તેમને લાગ્યું કે ખરેખર એક ભાઈ હોવાની ફરજ તેમણે નિભાવી નથી. ભાભીઓએ સાંભળ્યું તો એ તો ખી... ખી... કરીને હસી પડી. 'શું તમારી બહેનનું ખસી ગયું છે. આ ઉંમરે લગ્ન કરવાનું વિચારે છે. તેની સાથે લગ્ન કરશે કોણ? હવે તો કોઈ ઘરડો કે બે-ત્રણ છોકરાનો બાપ હોય એવો વિધુરક જ મળશે.'

મારા જીવનમાં પણ એ દિવસ આવ્યો. લગ્નનું ઘરચોળું પહેરીને હું માયરામાં બેઠી. મધ્યમ વર્ગના કુટુંબમાં એક વિધુર સાથે મારાં લગ્ન થઈ ગયાં. તેને એક બાર વર્ષની દીકરી હતી. જેના ઉછેર માટે તેને મા નામની એક સ્ત્રીની જરૂર હતી. ખુબ જ સાદાઈથી અને નિરસ રીતે રીતિ રીવાજ મુજબ મારો ગૃહપ્રવેશ થયો. તેથી વધુની મને આશા પણ ન હતી.

પણ કોણ જાણે કેવા ચોઘડિયે મારો જન્મ થયો હતો કે કમનસીબીએ મારી આંગળી એ રીતે પકડી રાખી છે કે આજ સુધી છોડી નથી. સાસરીયાંઓ પૈસાના લાલચુ હતા. પાડોશીઓ દ્વારા જાણવા મળ્યું કે તેની પહેલી પત્ની આ લાલચનો જ શિકાર બની હતી. મારા તો પગ નીચેથી જાણે કે જમીન સરકી ગઈ. હવે થાય પણ શું? મેં મારા મનને મનાવી લીધું, કે જે ઈચ્છાથી હું અહીં આવી છું તે કયારેય પુરી થવાની નથી.

દીકરીએ મને માનો દરજ્જો આપ્યો નહીં અને પતિએ કયારેય મારા સામે જોયું નહીં. પણ હું હિંમત ન હારી. મેં વિચાર્યું કે આંસુ સારવાથી હવે શું વળશે. હવે તો કંઈક એવું કરું કે આ લાલચુ લોકોની ઈચ્છા પણ પુરી થાય અને મારા વ્યક્તિત્વનો પણ વિકાસ હું સાધી શકું. મારે પૈસાની તો કોઈ કમી ન હતી. મમ્મી જે પ્રોપર્ટી મારા નામે કરી ગઈ હતી તેમાંથી એક મકાન લઈ તેમાં ટ્યુશન કલાસ અને હૉલી સેન્ટર મેં શરૂ કર્યું. તનતોડ મહેનત કરી. મારો ટ્યુશન કલાસ ધમધોકાર ચાલવા લાગ્યો. હવે હું એટલી વ્યસ્ત રહેવાલાગી કે મારા પોતાના માટે વિચારવાનો પણ મને ફૂરસદ નહોતી. પૈસો વરસવા લાગ્યો. મારા કામથી ઘરના લોકો ખુશ હતા. તેમને તો પૈસા જ જોઈતા હતા. તેથી આંધળાને શું જોઈએ બે આંખો.'

મેં જીવવાનું શીખી લીધું છે. પૈસે ટકે સુખી છું. ઘણા વાપરું છું. મારી મરજીની હું માલિક છું. જે ઈચ્છું તે કરી શકું છું. મને ખબર છે કે આ દુનિયામાં મારું આત્મીય જન કહી શકાય તેવું કોઈ નથી. પણ કહેવા પૂરતું એક ઘર છે. પતિ છે, જુવાન દીકરી છે. સમાજમાં ઈજ્જતથી રહેવા માટે પરણેલી સ્ત્રીને બીજું શું જોઈએ?'

શ્વેતાની વાતે સૌ કોઈને હચમચાવી દીધાં. થોડીવાર માટે સન્નાટો છવાઈ ગયો. કોઈ એકબીજાની સાથે કંઈ ન બોલ્યું. બધી બહેનપણીઓ પુતળાની જેમ એવી રીતે બેઠી હતી જાણે કે કોઈની શૉકસભામાં બેઠી ન હોય.

ત્યાં મૂડ બદલવા માટે પ્રિયંકા બોલી. 'ચાલો આની વાત તો સાંભળી. અરે! યાર સ્વાતિ તું કહે તારે શું થયું? તને એવું તે કયું દુઃખ પડી ગયું કે આટલી બધી સૂકાઈ ગઈ છે. આવો વિચિત્ર દેખાવ, તું જે રીતે તૈયાર થતી એ બધું કયાં ગયું. તારી ફૅશનને તો કૉલેજની બધી છોકરીઓ ફૉલો કરતી. તને જોઈને તો કોઈ કહી જ ન શકે કે તું પહેલાંવાળી એ ફૅશનેબલ સ્વાતિ છે.'

પ્રિયંકાના અતિ સ્નેહપૂર્ણ વાક્યએ સ્વાતિના મનને ભીંજવી દીધું. કયારનું સાચવી રાખેલ દર્દ જાણે કે આંસુ બનીને વહેવા લાગ્યું. તે ઝરા હિબકું ભરીને બોલી. 'મારું લગ્ન જીવન તો ખુબ જ અલ્પ રહ્યું. માત્ર દશ વર્ષ. મારા જીવનમાં એ દરમિયાન ખુબ જ સુખ શાંતિ અને ખુશીઓ છવાયેલી હતી. જીવન સુંદર રંગોથી રંગાયેલું હતું. સુખ જાણે કે થીજી ગયું. ભગવાને જીવવાના રંગો બધા જાણે કે છીનવી લીધા. એક અકસ્માતમાં મારા પતિ મારો સાથ છોડીને સદાને માટે જતા રહ્યા. હું અવાક્ થઈ ગઈ. એક નાનો દીકરો તેમની નિશાની રૂપે મારી પાસે હતો. હવે તેને ઉછેરવો એ જ મારા જીવનનું ધ્યેય હતું. દીકરો બિલકુલ તેના બાપ પર ગયો હતો. તે મને ખુબ ચાહતો અને મારી સંભાળ પણ રાખતો. તેના. સદ્‌ગુણોએ મારાં બધાં દુઃખોને ભુલાવી દીધાં. સમય જતાં તેને સક્ષમ બનાવી મેં તેના લગ્ન કરાવી નાંખ્યા. પરંતુ અફસોસ એ વાતનો હતો કે વહુ એવી ન મળી. તેના વાણી અને વર્તનથી ઘરનું વાતાવરણ ડહોળાઈ ગયું. હું દિવસભર મનમાં ગભરાયેલી રહેવા લાગી. તેના જીદ્દી સ્વભાવ સામે હું મારી જાતને નિઃસહાય સમજવા લાગી. મને એમ થતું કે કયાંક જતી રહું. જેથી પરાજિત અને પરાધિન થઈને જીવવું તો ન પડે. ઘરમાં હવે હું અણખપની લાગતી હતી. ઘરમાં રહેવાનું આકર્ષણ પણ હવે જાણે કે ખતમ થઈ ગયું હતું. છતાં બિન અનુભવી વહુના હાથમાં ઘરનો કારોબાર સોંપીને કેમ જવું? આટલું કહેતાં સ્વાતિ ઉદાસ થઈ ગઈ.'

બધી બહેનપણીઓ ચુપ હતી. ચારેના હોઠ જાણે કે સિવાઈ ગયા હતા. વધતાં અંધકારની પેઠે તેમનું મૌન પણ જાણે ઘેરું બનતું હતું. બહેનપણીઓના મિલનની રોમાંચક ક્ષણો ક્ષોભ અને વ્યથામાં સળગી રહી હતી. અને ભિંત પર ચિતરેલ કોઈ પેઈન્ટીંગ જેવું દૃશ્ય લાગતું હતું. જે નારી જીવન ના દુઃખોની દાસ્તાન કહેતું ન હોય. જાણે કે પોતપોતાના દેશમાંથી આ લોકમાં એ પરીઓ પોતાની વ્યથા કથા કહેવા નીચે આવી પહોંચી હતી.

vanvihari@gmail.com

ખાંડના ભાવ સ્થિર રાખવાના પ્રયાસો કરાઈ રહ્યા છે : પ્રણવ

નવી દિલ્હી, તા.૨૪

કેન્દ્રીય નાણાં પ્રધાન પ્રણવ મુખર્જીએ આજે કહ્યું હતું કે સરકાર દેશમાં ખાંડની કિંમતોને સ્થિર રાખવા માટે બનતા તમામ પ્રયાસો કરી રહી છે. વેપાર નિતી સહીત જુદા જુદા સાધનોનો ઉપયોગ ભાવને કાબુમાં રાખવા કરવામાં આવી રહ્યો છે. દિલ્હીમાં ઈન્ટરનેશનલ સુગર ઓર્ગેનાઈઝેશનની ૪૧મી બેઠકમાં બોલતા તેમણે કહ્યું હતું કે સરકાર વધારે પડતા સ્થાનિક ખાંડના જથ્થાને ધ્યાનમાં લઈને આગળ વધી રહી છે. એડવાન્સ ઓથોરાઈઝેશન સ્કિમ હેઠળ ડ્યુટી ફ્રી રો શુગરની આયાત સહિતના પગલા લેવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત ડ્યુટી ફ્રી વ્હાઈટ અથવા રીફાઈન્ડ ખાંડની આયાત જેવા પગલા પણ લેવામાં આવી રહ્યા છે. ઓપન જનરલ લાઈસન્સ હેઠળ ડ્યુટી ફ્રી રો સુગરની આયાત તરફ પણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. ખાંડની ગુણવત્તાને સુધારવા વધુ સારી ટેકનોલોજીના ઉપયોગ ઉપર તેઓએ ભાર મુક્યો હતો. પ્રણવે કહ્યું હતું કે ઉર્જા ઉત્પાદન માટે શેરડીના ઉપયોગને વધારવામાં આવે તે જરૂરી છે. આશરે ૫ કરોડ લોકો શેરડીની સિંચાઈમાં લાગેલા છે. પ્રધાને એમ પણ કહ્યું હતું કે ખાંડ સેક્ટરમાં ઉત્પાદનને વધારવા માટે નવી ટેકનોલોજી જરૂરી બની ગઈ છે. ભારત વિશ્વના સૌથી મોટા ખાંડ વપરાશકાર દેશ તરીકે છે. સાથે સાથે ખાંડના મામલામાં ઉત્પાદનમાં પણ ભારત બીજા ક્રમાંકે છે. ઈન્ડિયન સુગર મિલ્સ એસોશીએશનના જણાવ્યાં મુજબ ભારતમાં ખાંડનું ઉત્પાદન વર્તમાન માર્કેટ સીઝનમાં ૨૬૦ લાખ ટન સુધી પહોંચવાનો સંભાવના છે.